# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-12-2025 Day: Tuesday Morning : 07.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM-INSV કૌંડિન્યા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ગુજરાતના ઐતિહાસિક દરિયાકાંઠાના શહેર પોરબંદરથી ઓમાનના મસ્કત સુધીની INSV કૌંડિન્યાની પ્રથમ સફર પર ખુશી વ્યક્ત કરી.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ ચાલક દળને સલામત અને યાદગાર યાત્રા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે કહ્યું કે આ જહાજ પ્રાચીન ભારતીય સિલાઇ-જહાજ તકનીકનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું છે, જે દેશની સમૃદ્ધ દરિયાઈ પરંપરાઓને ઉજાગર કરે છે.

-------------------------------------------------------------------------------------------

## રાજ્યપાલ-પ્રાકૃતિક ખેતી:

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું, પ્રાકૃતિક ખેતી જ ભારતનું ભવિષ્ય છે. આણંદ કૃષિ વિશ્વ-વિદ્યાલયના 22-મા પદવીદાન સમારોહને સંબોધતાં તેમણે ખેડૂતોને રાસાયણિક ખેતીની જગ્યાએ દેશી ગાય આધારિત ખેતી અપનાવવા અને “રાષ્ટ્ર પ્રથમ”ના ભાવ સાથે પ્રાકૃતિક ખેતીના અભિયાનમાં જોડાવવા અનુરોધ કર્યો.

-------------------------------------------------------------------------------------------

## જી રામ જી કાયદો:

વિકસિત ભારત - જી રામ જી કાયદાથી મોટાભાગના રાજ્યોને છેલ્લા સાત વર્ષની સરેરાશ ફાળવણીની તુલનામાં 17 હજાર કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો થવાની સંભાવના છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા-SBI ના સંશોધન અહેવાલ મુજબ, આ કાયદાથી રાજ્યોને એકંદર ભંડોળ વિતરણમાં સુધારો થશે.

---

## વિશેષ ટપાલ ટિકિટ:

ગુજરાતમાં નર્મદા યોજના આડેના અંતરાયો દૂર કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવીને વોટરમેન ઓફ કચ્છ તરીકે નામના મેળવનારા દામજીભાઇ એન્કરવાલાની સ્મૃતિમાં ભારતીય ટપાલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી વિશેષ ટપાલ ટિકિટનું ગઈકાલે અમદાવાદ ખાતે વિમોચન કરાયું હતું. મુખ્ય પોસ્ટ માસ્તર જનરલના હસ્તે આ ટપાલ ટિકિટ અને તેના ખાસ કવરને જાહેર કરાયા બાદ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલને અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવીને આ ખાસ ટિકિટ અર્પણ કરાઇ હતી. તેઓએ નર્મદા યોજનામાં દામજીભાઇનાં યોગદાનની નોંધ લઇ આ ટપાલ ટિકિટ તેમની મહેનતનું બહુમાન હોવાનું જણાવ્યું હતું.

---

## એસ.આઈ.આર ફોર્મ:

રાજ્યના તમામ જિલ્લામાં ગત બે દિવસમાં મતદારોની સગવડ માટે વિશેષ શિબિર યોજાઈ. તેમાં બે લાખ 96 હજાર જેટલા નાગરિકોએ બે લાખ 96 હજારથી વધુ ફોર્મ નંબર છ, છ-એ, સાત અને આઠ ભર્યા છે. અંદાજે 10 લાખ લોકોએ શિબિરની મુલાકાત લઈ નવા મતદાર તરીકે જોડાવા, નામ કમી કરાવવા કે ટ્રાન્સફર અથવા સુધારા માટેના ફોર્મ અંગેનું માર્ગદર્શન મેળવ્યું હતું.

હવે જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સંબંધિત જે કંઈ વાંધા કે દાવા રજૂ કરવા માગતા હોય તેઓ આગામી 18 જાન્યુઆરી 2026 સુધી કરી શકશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## અંબાજી મંદિર ધજા:

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં હવે પાંચ મીટરની જ ધજાનું આરોહણ કરાશે. યાત્રિકોની સલામતી અને ધાર્મિક પરંપરાના સંરક્ષણ માટે મંદિરના સુવર્ણ શિખર પર વધુમાં વધુ પાંચ મીટર લંબાઈની જ ધજાઓ આરોહણ કરી શકાશે. આગામી પહેલી જાન્યુઆરી 2026થી આ નિર્ણયનો અમલ કરાશે.

---

## કે.એસ.કે.વી.-અમૃત પર્વની ઉજવણી:

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન સેલ અંતર્ગત કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટીના કોર્ટ હોલ ખાતે અમૃત પર્વની ઉજવણી નિમિત્તે સ્વદેશીથી વિકસિત ભારત એ વિષય પર માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવેનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. અનિરુદ્ધભાઈએ વક્તવ્યમાં સ્વદેશી પ્રત્યે જાગરૂકતા પ્રેરતું ઉદ્બોધન આપતાં જણાવ્યું કે, ભાષા, ભૂષા, ભજન, ભોજન, ભવન અને ભ્રમણ આ બાબતો પ્રત્યે જો સ્વદેશીનો અભિગમ અપનાવે, તો ભારતની આર્થિક સમૃદ્ધિમાં વધારો થાય તેમ છે. કચ્છ યુનિ. ના કુલપતિ ડો. મોહન પટેલે મહાત્મા ગાંધીનો સ્વદેશી પ્રત્યેનો પ્રેમ અને યુવાઓ પ્રત્યેનો પરિવર્તનની ધુરા અંગેનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

---

## નવચેતન અંધજન મંડળ:

નવચેતન અંધજન મંડળ - માધાપર તથા ફ્રેન્ડસ ઓફ કેરા યુ.કે. છેલ્લાં 20 વર્ષથી દિવ્યાંગજનોના સર્વાંગી વિકાસ માટે દિવ્યાંગ રમતોત્સવ, ચેરિટી, અવેરનેસ વોક અને બાળમેળા જેવી પ્રવૃત્તિઓ કરે છે, ત્યારે નવચેતન સુવર્ણ જયંતીના ભાગ રૂપે સંસ્થા દ્વારા કેરા ખાતે દિવ્યાંગ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લામાં દિવ્યાંગતા ક્ષેત્રે કાર્ય કરતી 20

સંસ્થાના 672 બાળક તથા જિલ્લામાં ચાલતા સમગ્ર શિક્ષા વિશિષ્ટ શિક્ષકોના 60 ક્લસ્ટરના 600 બાળક મળી કુલ 1,272 દિવ્યાંગ ખેલાડીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ આનંદ મેળવ્યો હતો.

---------------------------------------------------------------------------------------------

## હવામાન:

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નહીંવત્ હોવાની આગાહી કરી છે. વિભાગે જણાવ્યું, ગત 24 કલાકમાં 11 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું છે. જ્યારે કંડલા વિમાનમથક અને  ડીસામાં લઘુત્તમ તાપમાન 13 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

---------------------------------------------------------------------------------------------